Re-Accredited by NAAC with 'A' Grade
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

# -:કાર્યવાહી:-

એકેડેમિક કાઉન્સિલની સભા **શનિવાર, તા.૨૫/૦૯/૨૦૨૧**નાં રોજ બપોરે ૧૨:૩૦ કલાકે Social Distancing નું પાલન થાય તે રીતે ઓફલાઈન/ઓનલાઈન યુનિવર્સિટી કાર્યાલયના રૂમ નં. ૨૦૫માં મળી હતી, જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી.

| ક્રમ નં. | સભ્યશ્રીઓના નામ | હાજરી |
|---|---|---|
| (૧) | ડૉ. કિશોરસિંહ એન. ચાવડા**(માનનીય કુલપતિશ્રી)** | |
| (૨) | ડૉ. ઈશ્વરભાઈ એમ. પટેલ | ઓનલાઈન |
| (૩) | ડૉ. કપિલા મનોજ | ઓનલાઈન હાજર |
| (૪) | ડૉ. પત્રલેખા એ. બારડ | ઓનલાઈન હાજર |
| (૫) | ડૉ. સ્નેહલકુમાર એચ. મિસ્ત્રી | ઓનલાઈન હાજર |
| (૬) | ડૉ. ચિન્તુભાઈ એચ. ચૌધરી | ઓનલાઈન હાજર |
| (૭) | ડૉ. દિનેશકુમાર પી. ચૌધરી | ગેરહાજર |
| (૮) | ડૉ. અશોકભાઈ એમ. દેસાઈ | ગેરહાજર |
| (૯) | ડૉ. વિપુલ આર. શાસ્ત્રી | હાજર |
| (૧૦) | ડૉ. સ્નેહલ કિરણભાઈ જોષી | ઓનલાઈન હાજર |
| (૧૧) | ડૉ. રાજેશ મહેતા | હાજર |
| (૧૨) | ડૉ. જશવંતકુમાર ટી. ચૌધરી | ઓનલાઈન હાજર |
| (૧૩) | ડૉ. આનંદકુમાર વાય. ભટ્ટ | ગેરહાજર |
| (૧૪) | ડૉ. વિમલ એ. પંડયા | ગેરહાજર |
| (૧૫) | ડૉ. જયદીપ ચૌધરી | હાજર |
| (૧૬) | ડૉ. મહેન્દ્ર ચૌહાણ | ગેરહાજર |
| (૧૭) | ડૉ. દિપકભાઈ ભોયે | ઓનલાઈન હાજર |
| (૧૮) | ડૉ. ગિરીશકુમાર એન. રાણા | ઓનલાઈન હાજર |
| (૧૯) | ડૉ. કશ્યપ પી. ખરાચિયા | ઓનલાઈન હાજર |
| (૨૦) | ડૉ. રૂસ્તમ ડી. મોરેના | હાજર |
| (૨૧) | શ્રી વિરેન કિશોરસિંહ મહીડા | ગેરહાજર |
| (૨૨) | ડૉ. ટી. જી. ગોહિલ | ઓનલાઈન હાજર |

(૧) એકેડેમિક કાઉન્સિલની **તા.૨૧–૦૯–૨૦૨૧**ની સભાની કાર્યવાહીની નોંધને બહાલી આપવા બાબત.

:: **આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની તા.૨૧–૦૯–૨૦૨૧ ની સભાની કાર્યવાહીની નોંધને બહાલી આપવામાંઆવી હતી, ત્યારબાદ અધ્યક્ષશ્રીએ તેના પર સહી કરી હતી.**

(૨) માસ્ટર ઓફ ફીઝીયોથેરાપીના વિદ્યાર્થીઓને બીજા વર્ષમાં પુનઃમૂલ્યાકન (રી–એસસમેન્ટ) આપવા અંગે ચર્ચા કરતાફીઝીયોથેરાપીવિષયનીઅભ્યાસસમિતિનીતા.૧૫/૦૯/૨૦૨૧ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ ૩ અન્વયે નીચે મુજબ ભલામણ કરેલ છે. જે અંગે વિચારણા કરવા બાબત.

**<u>ફીઝીયોથેરાપીવિષયનીઅભ્યાસસમિતિનીતા.૧૫/૦૯/૨૦૨૧ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ ૩</u>**

:: આથી ઠરાવવામાં આવે છે કે, માસ્ટર ઓફ ફીઝીયોથેરાપીના બીજા વર્ષમાં થીયરીમાં બે વિષય હોય છે. પરંતુ યુનિવર્સિટીના પુનઃમૂલ્યાકનના પરીપત્ર(પરીક્ષા/પુનઃમૂલ્યાકન/૬૮૬૩/૨૦૨૧,તા.૩/૦૪/૨૦૨૧ નાં મુદ્દા નં.૩ મુજબ એમ.પી.ટી.ના બીજા વર્ષનાં વિદ્યાર્થીઓને પુનઃમૂલ્યાકન(રી–એસસમેન્ટ)નો લાભ મળતો નથી જેથી એમ.પી.ટી.ના બીજા વર્ષનાં વિદ્યાર્થીઓને વિદ્યાર્થીઓના હિતમાં બન્ને વિષયમાં પુનઃમૂલ્યાકન(રી–એસસમેન્ટ)નો લાભ આપવા તબીબી વિદ્યાશાખાને ભલામણ કરવામાં આવે છે.

આ સંદર્ભમાં ગુજરાતની અન્ય સ્ટેટ ગવર્નમેન્ટ યુનિવર્સિટી (સૌરાષ્ટ્ર યુનિવર્સિટી) નો રી–એસસમેન્ટની જોગવાઈનો ઠરાવ આ સાથે સામેલ છે.

**<u>એકેડમિક સમિતિનીતા. ૨૧ / ૦૯ / ૨૦૨૧નીસભાનાં ઠરાવક્રમાક : ૧૫</u>**

:: **આથીઠરાવવામાં આવે છે કે,** ફીઝીયોથેરાપીવિષયનીઅભ્યાસસમિતિનીતા.૧૫/૦૯/૨૦૨૧ની સભાનાં ઠરાવક્રમાંકઃ ૩ અન્વયે કરેલ ભલામણ સ્વીકારી એમ.પી.ટી.ના બીજા વર્ષનાં વિદ્યાર્થીઓને પુનઃમૂલ્યાકન(રી–એસસમેન્ટ)નો લાભ આપવો જે મંજુર કરવામાં આવે છે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, શૈક્ષણિકવર્ષ ૨૦૨૦–૨૧ ના બીજા સત્રથી યોજાયેલ પરીક્ષાઓ તેમજ ત્યારબાદની તમામ પરીક્ષાઓને અનુલક્ષીને તમામ ફેકલ્ટીના સ્નાતક અથવા અનુસ્નાતક કક્ષાએ ટર્મીનેટીંગ (અંતિમ)સેમેસ્ટર/વર્ષ માટે રી–એસસમેન્ટનો લાભ પ્રેકટીકલ/પ્રોજેકટ/વાયવા/ ડેઝર્ટેશન/ આંતરીક મૂલ્યાંકન/સેમીનાર સિવાયના ફકત થિયરી વિષયો માટે કોઈ પણ અપર લીમીટ વિના લાગુ કરવામાં આવે.

વધુમાં પુનઃમૂલ્યાકન માટેના સિન્ડિકેટની તા.૨૨/૦૩/૨૦૨૧ની બાબત ક્રમાંકઃ ૧૬માં ઉત્તરવહીઓના પુનઃમુલ્યાંકન અંગેના નિયમ નં.૭ માં નીચે મુજબનો ફેરફાર કરવાનો રહેશે.

પુનઃમૂલ્યાંકનને પરિણામે જો, અસલ મૂલ્યાંકન અને પ્રથમ મૂલ્યાંકન વચ્ચેનો તફાવત તે પેપરના યુનિવર્સિટી પરીક્ષાના ૫ ગુણ અથવા યુનિવર્સિટી પરીક્ષાનાં પેપરનાં કુલ ગુણના ૧૦ ટકા કરતા જે ઓછા હશે તો મૂળ ગુણમાં કોઈ ફેરફાર કરવામાં આવશે નહી. જો અસલ મૂલ્યાંકન અને પ્રથમ મૂલ્યાંકન વચ્ચેનો તફાવત ૫ ગુણ અથવા કુલ ગુણના ૧૦ ટકા કરતા વધુ હોય તો તે પેપરને બીજા પરીક્ષક પાસે મૂલ્યાંકન કરાવવાનુ રહેશે. આ કિસ્સામાં બન્ને પૂનઃ મૂલ્યાંકનની સરેરાશ કાઢવામાં આવશે અને તે સરેરાશ તે પેપર/વિષયના આખરી ગુણ ગણાશે.

**નોંધ :–ઉપરોકત એકેડમિક સમિતિનીતા. ૨૧ / ૦૯ / ૨૦૨૧નીબાબતક્રમાક : ૧૫ના ઠરાવમાં વધુ સ્પષ્ટતામાટે વિચારણાકરવાબાબત....**

(બિડાણઃ ૧)

(પરીક્ષા વિભાગ/પુનઃમૂલ્યાંકન વિભાગ)

:: **આથી સ્પષ્ટતા માટે ઠરાવવામાં આવે છે કે, પુનઃ મૂલ્યાકનના નિયમ ૧ ,૨ અને ૭ હવે પછી નીચે મુજબ રહેશે.**

**૧. કોઈપણ વિદ્યાશાખાના કોઈપણ પરિક્ષા(વર્ષ)ના કુલ પાસીંગ હેડસના ઓછામાં ઓછા ૫૦% હેડસમાં પાસ થનાર વિદ્યાર્થી જ પુનઃમૂલ્યાંકનની અરજી કરી શકશે. (જે વિદ્યાશાખામાં જે સેમેસ્ટર/વર્ષમાં પાસીંગ હેડ ૩, ૫ કે ૭ હોય ત્યાં અનુક્રમે ૨, ૩ અને ૪ હેડ ગણવા.)**

**કુલ પાસિંગ હેડની લીમિટ સ્નાતક અને અનુસ્નાતક કક્ષાએ ટર્મીનેટીંગ (અંતિમ)સેમેસ્ટર/વર્ષની પરિક્ષા માટે લાગુ પડશે નહી.**

**૨. તમામ ફેકલ્ટીના સ્નાતક અથવા અનુસ્નાતક કક્ષાએ ટર્મીનેટીંગ (અંતિમ)સેમેસ્ટર/વર્ષ સિવાયની પરિક્ષાઓમાં કોઈપણ વિદ્યાર્થીના બે પેપર કરતા વધારે પેપરની ઉત્તરવહીઓનું પુનઃમૂલ્યાકન કરવામાં આવશે નહી.**

**જયારે તમામ ફેકલ્ટીના સ્નાતક અથવા અનુસ્નાતક કક્ષાએ ટર્મીનેટીંગ (અંતિમ)સેમેસ્ટર/વર્ષ માટે રી–એસસમેન્ટનો લાભ પ્રેકટીકલ/પ્રોજેકટ/વાયવા/ડેઝર્ટેશન/ આંતરીક મૂલ્યાંકન/સેમીનાર સિવાયના બધાજ થિયરી વિષયો માટે પુનઃમૂલ્યાકન કરી શકાશે.**

**૭. પુનઃમૂલ્યાંકનને પરિણામે જો, અસલ મૂલ્યાંકન અને પ્રથમ મૂલ્યાંકન વચ્ચેનો તફાવત તે પેપરના યુનિવર્સિટી પરીક્ષાના ૫ ગુણ અથવા યુનિવર્સિટી પરીક્ષાનાં પેપરનાં કુલ ગુણના ૧૦ ટકા કરતા જે ઓછા હશે તો મૂળ ગુણમાં કોઈ ફેરફાર કરવામાં આવશે નહી. જો અસલ મૂલ્યાંકન અને પ્રથમ મૂલ્યાંકન વચ્ચેનો તફાવત ૫ ગુણ અથવા કુલ ગુણના ૧૦ ટકા કરતા વધુ હોય તો તે પેપરને બીજાપરીક્ષક પાસે મૂલ્યાંકન કરાવવાનુ રહેશે. આ કિસ્સામાં બન્ને પૂનઃ મૂલ્યાંકનની સરેરાશ કાઢવામાં આવશે અને તે સરેરાશ તે પેપર/વિષયના આખરી ગુણ ગણાશે.**

(૩) **મહેન્દ્ર ધ્વારકાદાસ દેસાઈની તા.૨૩/૦૯/૨૦૨૧ ની અરજી અંગે વિચારણા કરવા બાબત.**

(બિડાણઃ ૨)

(પરીક્ષા પરીક્ષા )::

**:: આથી ઠરાવવામાં આવે છે કે,મહેન્દ્ર ધ્વારકાદાસ દેસાઈની તા.૨૩/૦૯/૨૦૨૧ ની અરજી ધ્યાનમાં લેતા વિદ્યાર્થી એસ.વાય.બી.કોમ.ના વિષય ૧.એકાઉન્ટન્સી પેપર–૨ તથા ૨. મુખ્ય વિષય (૨–પેપર) એડવાન્સ એકાઉન્ટન્સીમાં અનુતીર્ણ છે. એ સંજોગોમાં પ્રવર્તમાન સેમેસ્ટર સિસ્ટમના અભ્યાસક્રમ પ્રમાણે એસ.વાય.બી.કોમ. સેમ.–૩ અને ૪ માં નીચે મુજબનાં વિષયોની પરીક્ષા આપવા માટે મંજૂરી આપવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.**

**<u>સેમે.–૩</u>**

**૧. એડવાન્સ એકાઉન્ટીંગ એન્ડ ઓડિટીંગ પેપર–૧**
**૨.એડવાન્સ એકાઉન્ટીંગ એન્ડ ઓડિટીંગ પેપર–૨**
**૩. એકાઉન્ટન્સી એન્ડ ટેક્ષેશન પેપર–૩**

**<u>સેમે.–૪</u>**

**૧. એડવાન્સ એકાઉન્ટીંગ એન્ડ ઓડિટીંગ પેપર–૩**
**૨.એડવાન્સ એકાઉન્ટીંગ એન્ડ ઓડિટીંગ પેપર–૪**
**૩. એકાઉન્ટન્સી એન્ડ ટેક્ષેશન પેપર–૪**

**વધુમાં આવા જ પ્રકારના અન્ય કિસ્સાઓમાં જે તે વિદ્યાશાખાનાં ડીનશ્રીનો અભિપ્રાય મેળવી કાર્યવાહી કરવા મંજૂરી આપવા ભલામણ છે.**

(૪) યુનિવર્સિટીની એકેડેમીક કાઉન્સીલની તારીખ ૩૧–૦૭–૨૦૨૧ ની સભાના ઠરાવ નંબર – (૨૬) ના મુદ્દા નંબર – ૩ માં પૂરક પરીક્ષા લેવા માટે નો ઠરાવ કરવામાં આવેલ તે ઠરાવ અનુંસંધાને કાર્યાલય દ્વારા અમુક પરીક્ષાઓનું આયોજન પણ થઈ ગયેલ છે <u>તેમાં પૂરક પરીક્ષા આપનાર વિદ્યાર્થીઓની સંખ્યા ખૂબ જ ઓછી રહે છે જેથી કરીને આગળના સત્ર માટેની કાર્યવાહી કરી શકાતી નથી</u> પૂરક પરીક્ષામાં વિદ્યાર્થીઓની ખૂબ જ ઓછી સંખ્યામાં પરીક્ષા આપતા હોવાથી હવે પછીની બાકી રહેલ <u>પૂરક પરીક્ષા ઓફ લાઈન એટલે કે સેમેસ્ટર – ૬તથા એમ.કોમ./એમ.એ./એમ.એસ.સી.સેમ– ૪ પરીક્ષાઓ લેવી કે કેમ ? તે અંગે ફેરવિચારણા કરવા બાબત.</u>

( પરીક્ષા વિભાગ/ કોમર્સ બ્રાન્ચ )

:: **આથી ઠરાવવામાં આવે છે કે,સ્નાતક અને અનુસ્નાતક કક્ષાએ સેમેસ્ટર – ૬ તથા એમ.કોમ./એમ.એ./એમ.એસ.સી.સેમ– ૪ ની પૂરક પરીક્ષા આગામી A.T.K.T.ની પરિક્ષાઓ સાથે ઓફ લાઈનમોડથી લેવી.**

**વધુમાં ખાસ કિસ્સામાં માત્ર શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૨ માટે અનુસ્નાતક અભ્યાસક્રમના પ્રવેશ માટે ઉપરોક્ત પરીક્ષામાં બેસનાર તથા ઉતીર્ણ થનાર તમામ એવા વિદ્યાર્થીઓ કે જેમણે અનુસ્નાતક અભ્યાસક્રમમાં પ્રવેશ હેતુ ફોર્મ ભરેલા છે તેઓ પ્રવેશપાત્ર ગણાશે.**

(૫) શૈક્ષણિક વર્ષ ૨૦૨૧ થી અમલમાં આવનાર ગુજરાતી વિષયનો (એક્ષટર્નલ)અભ્યાસક્રમ ગુજરાતી વિષયની અભ્યાસસમિતિનીતા.૩૧/૦૫/૨૦૨૧ ઠરાવ ક્રમાંકઃ ૩ થી નિમેલ પેટાસમિતિએ એસ.વાય.બી.એ. (એક્ષટર્નલ) ગુજરાતી વિષયનો અભ્યાસક્રમ તૈયાર કરી તેમંજૂર કરવા અભ્યાસસમિતિએ બોર્ડનાં ચેરમેનશ્રીને સત્તા આપેલ હોય બોર્ડવતી મંજૂર કરી વિનયનવિદ્યાશાખાને ભલામણ કરેલ છે. જે વિનયન વિદ્યાશાખાની મંજૂરીની અપેક્ષાએ વિનયન વિદ્યાશાખાવતી મંજૂર કરી એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરેલ છે. જે અંગે વિચારણા કરવા બાબત.

(બિડાણઃ ૩)

(એકેડેમિક વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, શૈક્ષણિક વર્ષ ૨૦૨૧ થી અમલમાં આવનાર એસ.વાય.બી.એ. (એક્ષટર્નલ) ગુજરાતી વિષયનો અભ્યાસક્રમ બોર્ડનાં ચેરમેનશ્રીએ બોર્ડવતી અને વિનયન વિદ્યાશાખાનાં અધ્યક્ષશ્રીએ વિદ્યાશાખાવતી મંજૂર કરેલ એસ.વાય.બી.એ. (એક્ષટર્નલ) ગુજરાતી વિષયનો અભ્યાસક્રમ યથાવત સ્વીકારી મંજૂર કરવામાં આવે છે.**

(૬) ફોરેન લેંગ્વેજના સર્ટિફીકેટ કોર્સ શરૂ કરવા અંગેના આ સાથે સામેલ ઈ–મેલ પર વિચારણા કરવા બાબત.

(બિડાણઃ ૪)

(એકેડેમિક વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે,ફોરેન લેંગ્વેજના સર્ટિફીકેટ કોર્સ શરૂ કરવા અંગે મલ્ટીડિસિપ્લિનરી કોર્ષીસ રેગ્યુલેટરી બોર્ડને જરૂરી કાર્યવાહી માટે ભલામણ કરવામાં આવે છે.**

**વધુમાં ઠરાવવામાં આવે છે કે, નીચે મુજબ મલ્ટીડિસિપ્લિનરી કોર્ષીસ રેગ્યુલેટરી બોર્ડની રચના કરવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.**

**૧. માનનીય કુલપતિશ્રી – અધ્યક્ષ**

**૨. તમામ ફેકલ્ટીનાં ડીનશ્રીઓ.**

(૭) શૈક્ષણિક વર્ષ ૨૦૨૨–૨૩ ની પ્રવેશ પ્રક્રિયા કઈ રીતે કરવી તે અંગે વિચારણા કરવા બાબત.

( એકેડેમિક વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે,તમામ અભ્યાસક્રમો માટે શૈક્ષણિક વર્ષ ૨૦૨૨–૨૩ ની પ્રવેશ પ્રક્રિયા અને શૈક્ષણિક વર્ષ ૨૦૨૧–૨૨ ની ડબલ એન્ટ્રીની સિસ્ટમ અંગેની પ્રવેશ પ્રક્રિયા માટે નીચે મુજબની સમિતિની રચના કરવામાં આવે છે.**

**૧. ડૉ.સ્નેહલભાઈ જોષી**
**૨. પ્રિ.ડૉ. ઈશ્વરભાઈ પટેલ**
**૩. પ્રિ.ડૉ. અશોકભાઈ દેસાઈ**
**૪.ડૉ. કપિલાબેન મનોજ**
**૫. ડૉ. રૂસ્તમભાઈ મોરેના**
**૬. જી.આઈ.પી.એલ.ના પ્રતિનિધિ**

(૮) પીએચ.ડી.ની પ્રવેશ પરીક્ષા લેવા અંગે વિચારણા કરવા બાબત.

(અનુસ્નાતક વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે,પીએચ.ડી.ની પ્રવેશ પરીક્ષા ઓનલાઈન મોડથી લેવાની રહેશે.વધુમાં પીએચ.ડી.ની પ્રવેશ પરીક્ષાનું આયોજન તથા પરિણામ તૈયાર કરવા સુધીની તમામ પ્રક્રિયા અંગેની SOP તૈયાર કરવા માટેની સમિતિમાં નીચે મુજબના સભ્યોની નિમણૂંક કરવામાં આવે છે.**

**૧. ડૉ.સ્નેહલભાઈ જોષી**

**૨. ડૉ.રૂસ્તમભાઈ મોરેના**

(૯) કઈ કઈ વિદ્યાશાખાના કયા કયા પ્રોગ્રામમાં ડબલ એન્ટ્રી સીસ્ટમ (વર્ષમાં બે વાર પ્રવેશ પ્રક્રિયા) લાગુ કરવી તે અંગે વિચારણા કરવા બાબત.

(એકેડેમિક વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સિ.તા.૧૬/૨૧–૦૬–૨૦૨૧નો ઠરાવ ક્રમાંક : ૫૨ એવી તમામ વિદ્યાશાખાઓમાં લાગુ કરવામાં આવે જે વિદ્યાશાખાઓમાં એપેક્ષ બોડીનાં નિયમોમાં ડબલ એન્ટ્રી સિસ્ટમ માટેના કોઈ ચોકકસ નિયમો લાગુ ના પડતા હોય તેવા કિસ્સામાં એવી તમામ વિદ્યાશાખાઓમાં ડબલ એન્ટ્રી સિસ્ટમથી જે તે વિદ્યાશાખાનાં માન્ય તમામ ડીગ્રી/ડિપ્લોમા/સર્ટીફીકેટ અભ્યાસક્રમો માટે પ્રવેશ પ્રક્રિયા લાગુ કરવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.**

(૧૦) વિદ્યાદીપ ચેરીટેબલ ટ્રસ્ટ, સુરત દ્વારા નીચે મુજબના સ્કીલ બેઈઝ કોર્ષનું ડબલ એન્ટ્રીથી જોડાણ આપવા કરેલ અરજી પર વિચારણા કરવા બાબત.

(૧) ડીપ્લોમા ઈન મેડીકલ લેબોરેટરી ટેકનિશ્યન
(૨) ડીપ્લોમા ઈન નર્સિંગ આસિસ્ટન્ટ
(૩) ડીપ્લોમા ઈન ફાયર એન્ડ સેફટી મેનેજમેન્ટ
(૪) ડીપ્લોમા ઈન ફેશન ડીઝાઈનીંગ
(૫) ડીપ્લોમા ઈન હેલ્થ એન્ડ સેનેટરી ઈન્સ્પેકટર
(૬) સર્ટીફિકેટ કોર્ષ ઈન ફ્રન્ટ લાઈન હેલ્થ વર્કર
(૭) સર્ટીફિકેટ કોર્ષ ઈન કોમ્યુનિટી હેલ્થ
(૮) સર્ટીફિકેટ કોર્ષ ઈન મિડ વાઈફ આસિસ્ટન્ટ

**(નોંધ : સ્નાતક અને અનુસ્નાતક કક્ષાએ આર્ટસ અને કોમર્સ (રેગ્યુલર અને એક્ષર્ટનલ) અભ્યાસક્રમમાં અને સાયન્સ (રેગ્યુલર) અભ્યાસક્રમમાં ડબલ એન્ટ્રી સિસ્ટમથી પ્રવેશ ફાળવવા અંગે સિ.તા.૧૬/૨૧–૦૬–૨૦૨૧નો ઠરાવ ક્રમાંક : ૫૨ થી નીચે મુજબ ઠરાવવામાં આવેલ છે.**

:: આથી ઠરાવવામાં આવે છે કે,સ્નાતક અને અનુસ્નાતક કક્ષાએ આર્ટસ અને કોમર્સ (રેગ્યુલર અને એક્ષર્ટનલ) અભ્યાસક્રમમાં અને સાયન્સ (રેગ્યુલર) અભ્યાસક્રમમાં ડબલ એન્ટ્રી સિસ્ટમથી પ્રવેશ ફાળવવા અંગે સેનેટ/સિન્ડિકેટ સભ્યશ્રી, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના તા.૬/૦૬/૨૦૨૧ના ઈમેઈલથી મળેલ પત્ર પર એકેડેમિક કાઉન્સિલની તા.૧૨/૦૬/૨૦૨૧ની સભાની બાબત ક્રમાંકઃ (૪) અન્વયે, સ્નાતક અને અનુસ્નાતક કક્ષાએ આર્ટસ અને કોમર્સ (રેગ્યુલર અને એક્ષર્ટનલ) અભ્યાસક્રમમાં અને સાયન્સ (રેગ્યુલર)અભ્યાસક્રમમાં ડબલ એન્ટ્રી સિસ્ટમથી પ્રવેશ ફાળવવા બાબતનો સૈધ્ધાંતિક સ્વીકાર કરવામાં આવે છે અને આ અંગે ઈચ્છુક કોલેજો પાસેથી નિયત પ્રફોર્મામાં વિનામૂલ્યે અરજી મંગાવવી અને આવેલ અરજીના સંદર્ભમાં અભ્યાસ કરી આગામી એકેડેમિક કાઉન્સિલમાં મંજૂરી અર્થે

રજૂ કરવું. એમ ઠરાવેલ હોઈ, યુનિવર્સિટીના નિયમઅનુસાર એફીલીયેશનની પ્રક્રિયા કરવી તથા આનુસંગિક કાર્યવાહી માટે માનનીય કુલપતિશ્રીને સત્તા આપવી.

**(સેનેટ/સિન્ડિકેટ વિભાગ)**

:: **આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત ઠરાવને અનુસાર આ બાબતની માન્યતા તેમજ આગળની કાર્યવાહી અર્થે મલ્ટીડીસિપ્લિનરી કોર્ષીસ રેગ્યુલેટરી બોર્ડમાં રજૂ કરવું.**

(૧૧) દીપ મનિષભાઈ કંસારાની તા. ૦૬–૦૯–૨૦૨૧ની આ સાથે સામેલ અરજીથી સિધ્ધાર્થ લો કોલેજ, કામરેજમાંથી  સેમેસ્ટર–૩માં શૈક્ષણિક વર્ષઃ ૨૦૨૦–૨૧માં વી.ટી.ચોકસી સાર્વજનિક લો કોલેજ, સુરતમાંકોલેજ ટ્રાન્સફર મેળવ્યા બાદ કોલેજ દ્વારા ફી નકકી થયેલ ફી કરતા વધુ ફી લીધેલ હોય તેવી તા.૧૬–૩–૨૦૨૧ની રજૂઆત અને તે સંદર્ભમાં કોલેજની સ્પષ્ટતા મુજબની જાણ વિદ્યાર્થીને તા. ૨૨/૦૪/૨૦૨૧ના પત્રથી કરવાની જાણ કરેલ છે. વિદ્યાર્થી દ્વારા સદરહુ બાબતે તા.૦૬–૦૯–૨૦૨૧ના પ્રવેશ અટકાવવા સંબંધીત પુનઃ રજૂઆત કરેલ છે, જે રજૂઆત પર વિચારણા કરવા બાબત.

(અનુસ્નાતક વિભાગ)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ વિદ્યાર્થીએ પ્રવેશ મેળવવા માટે જરૂરી ફી ની રકમ જે તે સંસ્થામાં જમા કરાવેલ નથી આથી આ બાબતે યુનિવર્સિટીએ અન્ય કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી.**

(૧૨) યુનિવર્સિટી કાર્યાલય દ્વારા તા.૨૧/૦૯/૨૦૨૧ના રોજ જાહેર થયેલ એલ.એલ.બી. ફીફથ સેમેસ્ટરમાં વિદાર્થી નલિની અશોકભાઈ પટેલનુ સીટ નં.૧૦૬ પરિણામ અંગે વિચારણા કરવા બાબત.

(પરીક્ષા વિભાગ/કાનૂન)

:: **આથી ઠરાવવામાં આવે છે કે, પ્રવર્તમાન નિયમોને અનુસરીને તથા વિદ્યાર્થીના હિતમાં જાહેર કરેલ પરિણામને સ્વીકૃતિ આપવી.**

(૧૩) કોમ્પ્યુટર સાયન્સ વિષયમાં પીએચ.ડી.ના સંશોધન અભ્યાસમાં વર્ષ ૨૦૧૨ માં નોંધણી કરાવ્યા બાદ સંશોધન અભ્યાસ પૂર્ણ કરેલ નીચે જણાવેલ સંશોધનાર્થીની તા.૧૮/૦૯/૨૦૨૧ ની સંયુકત અરજીથી તેઓ ધ્વારા પીએચ.ડી. સંશોધન અભ્યાસકના કોર્ષ વર્ક વર્ષ–૨૦૧૨માં પૂર્ણ કરેલ વિદ્યાર્થીઓને માર્કશીટ આપવા અંગે વિચારણા કરવા બાબત.

:: **આથી ઠરાવવામાં આવે છે કે, કાર્યાલયમાં ઉપલબ્ધ એમ.ફીલ/પીએચ.ડી.કોર્ષ વર્ક (૨૦૧૨–૧૩) અનુસાર તમામ વિદ્યાર્થીઓને માર્કશીટ આપવી. (પરિશિષ્ટ મુજબ )**

**ક્રમાંક : એ/એ.કા./કા.વા./૧૪૭૩૫ /૨૦૨૧**
**તા.૨૫/૦૯/૨૦૨૧**

**ઈ.ચા.કુલસચિવ**

**પ્રતિ,**

**એકેડેમિક કાઉન્સિલના સર્વે સભ્યશ્રીઓ....**

## ઉત્તરવહીઓના પુનઃ મૂલ્યાંકન અંગેના નિયમો

યુનિવર્સિટી પરીક્ષાનાં વિદ્યાર્થીને જો તેના કોઈ પ્રશ્નપત્ર / પ્રશ્નપત્રોની ઉત્તરવહીઓના મૂલ્યાંકનથી સંતોષ થયો ન હોય તેવા વિદ્યાર્થી નીચેના નિયમોને આધીન પોતાની ઉત્તરવહીઓની પુનઃમૂલ્યાંકન માટેની અરજી કરી શકશે.

૧. કોઈ પણ વિદ્યાશાખાના કોઈપણ પરીક્ષા (વર્ષ)ના કુલ પાસીગ હેડસના ઓછામાં ઓછા ૫૦% હેડસમાં પાસ થનાર વિદ્યાર્થી જ પુનઃમૂલ્યાંકનની અરજી કરી શકશે. (જે વિદ્યાશાખામાં જે સેમેસ્ટર / વર્ષમાં પાસીંગ હેડ ૩, ૫ કે ૭ હોય ત્યાં અનુક્રમે ૨, ૩ અને ૪ હેડ ગણવા.)

૨. કોઈ પણ વિદ્યાર્થીના બે પેપર કરતા વધારે પેપરની ઉત્તરવહીઓનું પુનઃમૂલ્યાંકન કરવામાં આવશે નહી.

૩. જે તે વિદ્યાશાખામાં કોલેજ / ડીપાર્ટમેન્ટ કક્ષાએ લેવાતી આંતરીક મૂલ્યાંકન કસોટીઓ, પ્રાયોગિક, વાઈવા વોસ, થીસીસ, ડેઝર્ટેશન કે ટર્મ વર્કનું પુનઃ મૂલ્યાંકન થઈ શકતું ન હોવાથી તે માટે પુનઃમૂલ્યાંકનની અરજી યુનિવર્સિટી સ્વીકારશે નહી.

૪. ઓફ લાઈન પ્રકીયાથી પ્રવેશ કરેલ વિદ્યાર્થીએ પુનઃમૂલ્યાંકનની અરજી પરીક્ષાના પરિણામ આવ્યાના તે તારીખથી ૭ દિવસની અંદર પોતાના કોલેજના આચાર્ય કે વિભાગના વડા મારફત કુલસચિવશ્રીને કરવાની રહેશે. અરજદારે અરજી પત્રક સાથે રોકડેથી / બેન્ક ડિમાન્ડ ડ્રાફ્ટ / RTGS થી રૂા. ૫૦૦/– પ્રશ્નપત્ર દીઠ ભરવાના રહેશે. જે વિષયમાં એક થી વધુ પેપર હોય ત્યાં પ્રશ્નપત્ર દીઠ રૂા. ૫૦૦/– ભરવાના રહેશે. તે જ રીતે ઓન લાઈન પ્રકીયાથી પ્રવેશ કરેલ વિદ્યાર્થીએ પણ પરિણામ આવ્યાના ૭ દિવસની અંદર www.vnsgu.net માં વિદ્યાર્થીએ પોતાના SPID થી Login થઈ પુનઃમૂલ્યાંકનનું ફોર્મ ભરવાનું રહેશે. કોઈ પણ વિદ્યાર્થીના ગુણમાં ફેરફાર થાયતો ભરેલી રકમ પરત આપવી નહી. સમય મર્યાદા બાદ કોઈ પણ સંજોગોમાં અરજી સ્વીકારવામાં આવશે નહી.

૫. વિદ્યાર્થીએ નિયત તારીખ વિતી ગયા બાદ કે નિયત રકમ મોકલ્યા વગર કે નિયત પત્રકમાં ખૂટતી કે અધુરી માહિતી હશે તેવા અરજી પત્રક પર કોઈ કાર્યવાહી કરવામાં આવશે નહી અને તે દફતરે કરવામાં આવશે તથા તેમને જે કઈ રકમ જમા કરાવેલ હશે તો તે રકમ પરત કરવામાં આવશે નહી.

૬. પુનઃમૂલ્યાંકન માટે પ્રશ્નપત્રો કે વિષય પ્રમાણે પરીક્ષકોના ઓછામાં ઓછા દસ નામોની યાદી ગોપનીય રહે તે રીતે જે તે વિદ્યાશાખાના અધ્યક્ષશ્રી(ડીનશ્રી) પાસેથી મેળવવામાં આવશે. ડીનશ્રી આ નામોની યાદી પરીક્ષા અગાઉ પરીક્ષા નિયામકશ્રીને જમા કરાવવાના રહેશે. જેમાંથી મા.કુલપતિશ્રી પરીક્ષકોની નિમણૂંક કરશે. મૂળ પરિક્ષક પણ પુનઃમૂલ્યાંકન કરી શકશે. જે પેપર માં પુનઃમૂલ્યાંકનની અરજી મળે અને જો તે પેપરના પરીક્ષક તરીકે વિદ્યાશાખાના અધ્યક્ષ પોતે હોય તો તે સંજોગોમાં મા.કુલપતિશ્રીએ પસંદ કરેલા વિદ્યાશાખાના શ્રેયાન સભ્ય પાસેથી નામો મેળવવામાં આવશે. પરીક્ષકોની યાદીમાંથી પુનઃમૂલ્યાંકન માટે કુલપતિશ્રી બે પરીક્ષકોની નિમણૂંક કરશે.

૭. પુનઃમૂલ્યાંકનને પરિણામે જો, અસલ મૂલ્યાંકન અને પ્રથમ મૂલ્યાંકનનો તફાવત તે પેપરના યુનિવર્સિટી પરીક્ષાના ૫ ગુણ કરતા ઓછા હશે તો મૂળ ગુણમાં કોઈ ફેરફાર કરવામાં આવશે નહિ. જો, અસલ મૂલ્યાંકન અને પ્રથમ મૂલ્યાંકન જો તફાવત ૫ ગુણ કરતા વધુ હોય તો તે પેપર ને બીજા પરીક્ષક પાસે મૂલ્યાંકન કરવાનું રહેશે. આ કિસ્સામાં બંને પુનઃમૂલ્યાંકનની સરેરાશ કાઢવામાં આવશે અને તે સરેરાશ તે પેપર/વિષયના આખરી ગુણ ગણાશે.

૮. (ક) પુનઃમૂલ્યાંકનને પરિણામે જો સુધારેલા ગુણ અરજદારના પરિણામને નુકશાન કર્તા (માર્કસ ઓછા થયા) હોય તો પણ સુધારેલા ગુણ જ આખરી ગણાશે અને તે અરજદારને બંધનકર્તા રહેશે.

(ખ) પુનઃમૂલ્યાંકન બાદ અરજદારનું પરિણામ તૈયાર કરતી વખતે ખૂટતા ગુણો (કૃપા ગુણો તરીકે આપવા) માટેના ઓર્ડિનન્સ : ૧૪૮, ૧૪૯, ૧૫૦ અને ૧૫૧– એની જોગવાઈઓના લાભા આપવામાં આવશે.

૯. જયાં સુધી અરજદારે પુનઃમૂલ્યાંકન માટે કરેલી અરજીનું પરિણામ તેમને જણાવવામાં ન આવે ત્યાં સુધી અરજદારનું અસલ પરિણામ જ બધા જ હેતુઓ માટે બદલાયા વગરનું છે તેમ ગણવામાં આવશે.

૧૦. જો અરજદાર એકવાર અરજી કર્યા બાદ અરજી કર્યાની તારીખથી પાંચ દિવસમાં પોતાની અરજી પાછી ખેચી લેશે તો તેવા કિસ્સામાં ફીની રકમના ૨૫% રકમ જપ્ત કરી બાકીની રકમ અરજદારને તેના ખર્ચે ઓનલાઈન NEFT / RTGS તેમજ યુનિવર્સિટીના હિસાબી વિભાગના કેશ કાઉન્ટર પર રીફંડ ઓર્ડર રજૂ કરી રૂબરૂમાં રીફંડ મેળવી લેવાનું રહેશે. અન્યથા અરજી દફતરે કરવામાં આવશે.

૧૧. પુનઃમૂલ્યાંકનનુ પરિણામ શકય તેટલુ વહેલું જાહેર કરવામાં આવશે. પુનઃમૂલ્યાંકનને કારણે જયાં સુધી પરિણામ બદલાશે નહી ત્યાં સુધી પુનઃમૂલ્યાંકન અગાઉ જાહેર કરવામાં આવેલુ પરિણામ જ અમલી રહેશે.

પુનઃમૂલ્યાંકનની અરજી નો નિકાલ થવામાં વિલંબ થાય તો કોઈ નાણાકિય કે સમયનું નુકશાન વળતર અંગેની કોઈપણ અરજી ગ્રાહય રાખવામાં આવશે નહી.

૧૨. ગુણચકાસણી અને પુનઃમૂલ્યાંકનના પરિણામના નોટીફીકેશન યુનિવર્સિટીની વેબસાઈટ પર મૂકવામાં આવશે.

પરીક્ષા વિભાગ

અરજદાર: મહેન્દ્ર દ્વારકાદાસ દેસાઇ
૧૩,૧૪,સીતારામ નગર સોસા,
ધર્મ નગર-એ.કે.રોડ,સુરત.૩૯૫૦૦૮
મો-૯૮૨૫૪ ૨૦૦૪૬

પ્રતિશ્રી,

કુલપતિશ્રી ડો.કે.એન.ચાવડા,

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી,

સુરત.

AC
Mahesh
23/09/2021

**વિષય :- વર્ષ-૨૦૦૧ માં T.Y.B.COM ની પરીક્ષા પાસ કરેલ છે. માત્ર S.Y.B.COM માં A.T.K.T છે. તો આ પરીક્ષા નવા અભ્યાસક્રમ પ્રમાણે આપવા મંજુરી આપવા બાબત...**

નમસ્કાર,

સવિનય સાથ જણાવવાનું કે વર્ષ ૨૦૦૧ માં S.Y.B.COM માં બે વિષયમાં A.T.K.T આવેલ હતી તેમજ F.Y.B.COM અને T.Y.B.COM પાસ કરેલ છે પરંતુ હાલ એકેડમી કાઉન્સીલ દ્વારા CBCS લાગુ પડેલ હોય તેવા વિદ્યાર્થીઓને વધુ તક આપી પરીક્ષામાં બેસવા દેવાની મજુંરી આપવામાં આવેલ છે.પરંતુ સદર ઠરાવમાં CBCS પહેલાના વિદ્યાર્થીઓનો સમાવેશ થતો ના હોવાથી જેઓ પરીક્ષા આપી શકતા નથી. જે કારણોસર સદર ઠરાવમાં પુનઃ વિચારણા કરી CBCS પહેલાના વિદ્યાર્થીઓનો સમાવેશ થાય તેવો ઠરાવ કરવા આપશ્રી સાહેબ મારફત એકેડમી કાઉન્સીલને મારી વિનંતી છે. જેથી મારે મારૂ ગ્રેજયુએશન પૂર્ણ કરવાની મને ઉજજવળ તક મળે. વધુમાં મારા જેવા હજારો વિદ્યાર્થીઓને પણ બહોળા પ્રમાણ નવી શિક્ષણ નીતીને ધ્યાન માં રાખીને આગળ અભ્યાસ કરવાની તક મળી શકે તેમ છે. જેથી સદર અરજી બાબતે નિર્ણય વિદ્યાર્થીઓના હિતમાં કરવા નમ્ર વિનંતી સહ અપેક્ષા...

તા-૨૩/૦૯/૨૦૨૧

આપનો વિદ્યાર્થી
(signature)
મહેન્દ્ર દેસાઇ

બિડાણ.. S.Y.B.COM MARKSHEET

# SOUTH GUJARAT UNIVERSITY

Second B. Com.

773/99

№ 000069

Shri/Smt./Kum. DESAI MAHENDRA DWARKADASBHAI Certificate showing the number of marks gained by in each head of passing at the **Second Year B. Com.** Examination held in April, 1999

Name of College : ARTS & COMM. COLLEGE, AMROLI

| SEAT NO. 325 | | Compulsory English, or ~~Gujarati or Hindi~~ Paper I & II | Principles of Economics Paper II | Accountancy Paper II | Business Administration- Paper II | Special Subject (Two Paper) Adv.Acc. | Optional Subject (One Paper) Banking | Total For Class Uni. Exam. | Total For Class Aggregate | Remarks |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| External Evaluation | | 70 / 25 | 70 / 25 | 70 / 25 | 70 / 25 | 140 / 50 | 70 / 25 | 490 | 700 | |
| Internal Evaluation | | 30 | 30 | 30 | 30 | 60 | 30 | | | |
| Total | | 100 / 36 | 100 / 36 | 100 / 36 | 100 / 36 | 200 / 72 | 100 / 36 | | | |
| Marks obtained | External Marks | 33 | 25 | 13 | 25 | 39 | 30 | | | |
| | Internal Marks | 20 | 18 | 20 | 19 | 41 | 19 | | | FAIL-A.T.K.T. |
| | Total | 53 | 43 | 33 | 44 | 80 | 49 | 165 | 302 | |

Entered by C. R. [signature] Checked by Anjana J.K.

Surat, Dated : 14-8-1999

N. B. : (1) No change in any entry is to be made except by the authority issuing the certificate. Infringement of this instruction will be severaly dealt with.

(2) *Exemption (1) 40% or more of the total marks in Comp. Language.

(2) 44% or more of the total marks in the remaining subjects.

-Indicates Failure

* Indicates Exemption

UNIVERSITY REGISTRAR

I/C. Registrar

# SOUTH GUJARAT UNIVERSITY, SURAT

**SEAT NO. :** 144

**Sr. No. :** 02345

Certificate showing the number of marks gained by

Shri / Kum./ Smt. DESAI MAHENDRA DWARKADASBHAI *Amroli College* in each head of passing at the

S.Y. B.Com. EXAMINATION, OCTOBER - 2002

Name of College : ARTS & COMMERCE COLLEGE, AMROLI

| SUBJECTS | External Evaluation | | Internal Eval. | TOTAL | | Marks obtained | | | Credit Marks | | RESULT |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | Max. | Min. | | Max. | Min. | Uni. Exam. | Int. | Total | F.Y. | S.Y. | |
| COMP. ACCOUNTANCY - II | 70 | 25 | 30 | 100 | 36 | 12 | 20 | 32 | | | |
| ADV. ACTT. & AUDITING - I - II | 140 | 50 | 60 | 200 | 72 | 34 | 41 | 75 | Total Marks Obtained | | |
| | | | | | | | | | Total For Class Uni. Exam. | | --- |
| | | | | | | | | | Total For Class Aggregate | | --- |
| Total | --- | | | --- | | --- | | --- | FAIL | | |

SURAT Dated : 23 December 2002

N. B. : (1) No change in any entry is to be made except by the authority issuing the certificate. Infringement of this instruction will be severely dealt with.

(2) Exemption : (A) 40 % or more of the total marks in English
(B) 44 % or more of the total marks in remaining subjects.

-- Indicates failure, ** Indicates Examption.

CHECKED BY

UNIVERSITY REGISTRAR

# વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત

## ગુજરાતી વિષયની અભ્યાસ સમિતિ

## દ્વારા

## સંયોજિત અભ્યાસક્રમ )૨૦૨૧થી અમલમાં

## એસ.વાય.બી.એ. ( EXTERNAL)

અધ્યક્ષ
ગુજરાતી અભ્યાસ સમિતિ

# એસ.વાય.બી.એ. ( EXTERNAL YEARLY)

## ગુજરાતી ફરજિયાતનો અભ્યાસક્રમ

વર્ષ ૨૦૨૧-૨૦૨૨ ,૨૦૨૨ -૨૦૨૩ , ૨૦૨૩ -૨૦૨૪

ભાષા-સાહિત્ય કૌશલ, પ્રત્યાયન કૌશલ

કૃતિ : 'પ્રશિષ્ટ નવલિકાઓ ભાગ.-૨ ' - સં. રઘુવીર ચૌધરી

હેતુ : આ પ્રશ્નપત્રનાં અભ્યાસથી વિદ્યાર્થીઓ ગુજરાતનો ભવ્ય સાંસ્કૃતિક વારસો અને તેની વિશેષતાઓનો પરિચય મેળવી શકે.

એકમ-1. ગુજરાતનું ભૌગોલિક વૈવિધ્ય (સૌરાષ્ટ્ર, ઉ.ગુજરાત, દ.ગુજ., મધ્ય ગુજ. કચ્છ)

સાહિત્યસર્જન પર ભૂગોળની અસરના સંદર્ભમાં સર્જકોનો પરિચય.

(સુન્દરમ્, ઉમાશંકર જોશી, પન્નાલાલ પટેલ, ઇશ્વર પેટલીકર, ચુનિલાલ મડિયા)

એકમ-૨. 'પ્રશિષ્ટ નવલિકાઓ ભાગ -૨,' સં. રઘુવીર ચૌધરી

(પસંદગીની નવલિકાઓ ૧૦ )

૧. માને ખોળે ૨. માજા વેલાનું મૃત્યુ ૩. ગુજરીની ગોદડી ૪. મારી ચંપાનો વર

૫. સુખદઃખના સાથી ૬. સાચી ગજિયાણીનું કાપડું ૭. લોહીની સગાઈ

૮. એક મગની બે ફાડ ૯. વાની મારી કોયલ ૧૦. અંતઃસ્રોતા

એકમ-૩. કંપની સેક્રેટરીનો પત્ર ( ડિરેક્ટર, શેરહોલ્ડર , ઈતર પત્રવ્યવહાર )

બેન્કનો પત્રવ્યવહાર ( આંતરિક અને બાહ્ય પત્રવ્યવહાર )

એકમ : ૪. વીમા અંગેનો પત્રવ્યવહાર ( જીવન વીમો ,આગ વીમો ,દરિયાઈ વીમો )

એકમ : ૫. પ્રવચન ( સામાજિક , રાજકીય, આર્થિક , શૈક્ષણિક )

સંક્ષેપ લેખન ,સમાનાર્થી શબ્દો, વિરોધી શબ્દો.

એકમ-૬ . અભિવ્યક્તિરીતિ અને પૂર્વાપર સંદર્ભ, સંવાદ લેખન

સંદર્ભ ૧.' પ્રશિષ્ટ નવલિકાઓ ભાગ-૨,' સં. રઘુવીર ચૌધરી, અરુણોદય પ્રકાશન.

૨. ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ – ગુજરાતી સાહિત્ય પરિષદ

૩. ટૂંકી વાર્તા અને ગુજરાતી ટૂંકી વાર્તા –સં. જયંત કોઠારી, ગુર્જર ગ્રંથરત્ન

૪. સાહિત્ય સ્વરૂપ શ્રેણી – સં. સુમન શાહ, પાર્શ્વ પ્રકાશન

૫. ચાર વાર્તાકારો – વિજય શાસ્ત્રી . પાર્શ્વ પ્રકાશન.

૬. વાણિજ્ય અને ભાષાવિવેક – પોપ્યુલર પ્રકાશન

૭. પ્રત્યાયન કૌશલ – પોપ્યુલર પ્રકાશન

૮. વાણિજ્ય પત્રવ્યવહાર- દક્ષિણ ગુજરાત પ્રા.પુસ્તક પ્રકાશન.

૯. સાહિત્યાયન- બાબુ દાવલપુરા , પાર્શ્વ પબ્લિકેશંન, અમદાવાદ

૧૦. અરજી અને લેખન કૌશલ – પ્રસાદ બ્રહ્મભટ્ટ, પાર્શ્વ પબ્લિકેશન.

એસ.વાય બી.એ. (EXTERNAL YEARLY)

## ગુજરાતી પેપર-૩.મધ્યકાલીન- અર્વાચીન કૃતિ (પદ્ય વિભાગ) મુખ્ય તથા ગૌણ

કૃતિ- ' પ્રેમપચીસી ' - વિશ્વનાથ જાની , 'વગડાનો શ્વાસ ' સં. સુરેશ દલાલ.

**હેતુ : આ પ્રશ્નપત્રનાં અભ્યાસથી વિદ્યાર્થીઓ મધ્યકાલીન-અર્વાચીન ગુજરાતી સાહિત્યનો પરિચય મેળવે.**

એકમ-૧. સર્જક પરિચય- સર્જક વ્યક્તિત્વને ઘડનારા પરિબળો , સાહિત્યિક પ્રદાન.

એકમ-૨. સ્વરૂપ પરિચય – પદ સ્વરૂપ અને વિકાસ , સૉનેટ સ્વરૂપ અને લક્ષણો.

એકમ-૩. 'પ્રેમપચીસી ' - વિશ્વનાથ જાની, કૃતિ પરિચય.

એકમ-૪. 'વગડાનો શ્વાસ ' સં. સુરેશ દલાલ. (પસંદગીના કાવ્યો)

| | |
|---|---|
| ૧. ઉનાળાનો દિવસ | ૨. ગ્રીષ્મ |
| ૩. મને થતું | ૪. આવ્યો છું તો.. |
| ૫. વતનમાં | ૬. સ્મૃતિ |
| ૭. રેવા તટે મધ્યાહ્ન – સંધ્યા | ૮. વૃક્ષો |
| ૯. આદિમતાની એક અનુભૂતિ | ૧૦. વર્ષો પછી વતનમાં.. |
| ૧૧. વતનથી વિદાય થતાં | ૧૨. રીંસ |
| ૧૩. શમણાં | ૧૪. થોડો વગડાનો શ્વાસ |
| ૧૫. સાંભરે... | ૧૬. ક્યાં છે...? |
| ૧૭. એકવારનું ઘર | ૧૮. જીવી ગયો હોત |

૧૯. માણસ

૨૦. કવિતા ન કરવા વિશે કવિતા

એકમ- ૫. અભિવ્યક્તિરીતિ અને પૂર્વાપર સંદર્ભ (પ્રેમપચીસી)

. અભિવ્યક્તિરીતિ અને પૂર્વાપર સંદર્ભ (વગડાનો શ્વાસ )

સંદર્ભ : ૧. 'વગડાનો શ્વાસ' , સં . સુરેશ દલાલ , નવભારત સાહિત્ય મંદિર

૨. જયંત પાઠકના કાવ્યો , સં. ઉશનસ , આદર્શ પ્રકાશન

૩. જયંત પાઠક સાહિત્યકાર શ્રેણી , દક્ષા વ્યાસ

૪. જયંત પાઠક વ્યક્તિત્વ અને વાંગ્મય – દિનેશ પંડ્યા

૫. જયંત પાઠક સર્જક અને વિવેચક , ઋજુતા ગાંધી , સી.એચ.ગાંધી

૬ 'પ્રેમપચીસી ' – વિશ્વનાથ જાની સં. મહેન્દ્ર દવે , ગૂર્જર પ્રકાશન

૭. 'પ્રેમપચીસી ' – વિશ્વનાથ જાની સં. પ્રસાદ બ્રહ્મભટ્ટ, પાર્શ્વ પ્રકાશન

૮. 'પ્રેમપચીસી ' – વિશ્વનાથ જાની સં. જે. ઓ. શાહ, પૉપ્યુલર પ્રકાશન

૯. 'પ્રેમપચીસી ' – વિશ્વનાથ જાની સં. નિરંજના વોરા, પાર્શ્વ પ્રકાશન.

૧૦ ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ – સાહિત્ય પરિષદ,અમદાવાદ.

૧૧. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ – યુનિ.ગ્રંથ નિ.બોર્ડ, અમદાવાદ.

૧૨. મધ્યકાલીન ગુજરાતી કૃતિપરિચય – એમ.આઈ.પટેલ, આદર્શ પ્રકાશન.

## ગુજરાતી પેપર – ૪. અર્વાચીન કૃતિ : ગદ્ય ( મુખ્ય તથા ગૌણ )

કૃતિ : 'વળામણાં ' - પન્નાલાલ પટેલ, ગુજરાતી પ્રતિનિધિ એકાંકીઓ- સં. ચં.ચી.મહેતા.

**<u>હેતુ : આ પ્રશ્નપત્રના અભ્યાસથી વિદ્યાર્થીઓ એકાંકી અને નવલકથા સ્વરૂપ અને કૃતિનો પરિચય પ્રાપ્ત કરે .</u>**

એકમ-1. સર્જક પરિચય.- પન્નાલાલ પટેલઃ

એકમ-2. નવલકથા સ્વરૂપ પરિચય , એકાંકી સ્વરૂપ પરિચય

એકમ-3 યશવન્ત પંડ્યા, ઉમાશંકર જોશી, જયંતિ દલાલ, લાભશંકર ઠાકરનું એકાંકીક્ષેત્રે પ્રદાન.
ગુજરાતી પ્રતિનિધિ એકાંકીઓ- સં. ચં.ચી.મહેતા. (પસંદગીની કૃતિઓ-10)

૧. માસીને દે ફાંસી

૨. ઝાકળનું મોતી

| | |
|---|---|
| ૩. બારણે ટકોરા | ૪. સમ્રાટ શ્રેણીક |
| ૫. સોયનું નાકું | ૬. બાથટબમાં માછલી |
| ૭. હુકમ માલિક | ૮. ઝેરવું |
| ૯. હું જે કંઈ કહીશ તે સત્ય કહીશ. | ૧૦. હું પસલો છું |

એકમ-4. 'વળામણાં '- પન્નાલાલ પટેલ. કૃતિ પરિચય.

એકમ-5. અભિવ્યક્તિરીતિ અને પૂર્વાપર સંદર્ભ ( ગુજરાતી પ્રતિનિધિ એકાંકી )

અભિવ્યક્તિરીતિ અને પૂર્વાપર સંદર્ભ ( વળામણા )

સંદર્ભ : ૧. ' ગુજરાતી પ્રતિનિધિ એકાંકીઓ ' , સં. ચંદ્રવદન મહેતા , આદર્શ પ્રકાશન

૨. એકાંકી અને ગુજરાતી એકાંકીઓ , જયંત કોઠારી , ગૂર્જર ગ્રંથરત્ન

૩. આદર્શ એકાંકીઓ , સં.- સતીશ વ્યાસ , અરુણોદય પ્રકાશન

૪. સાહિત્ય સ્વરૂપ શ્રેણી – સુમન શાહ

૫. ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ – સાહિત્ય પરિષદ

૬. ' વળામણાં ' – પન્નાલાલ પટેલ., સંજીવની પ્રકાશન

૭. પન્નાલાલ પટેલ – પ્રમોદકુમાર પટેલ ગૂર્જર ગ્રંથરત્ન

૮. ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ – સાહિત્ય પરિષદ

૯. ગુજરાતી નવલકથા – રઘુવીર ચૌધરી , યુનિ. ગ્રંથ નિ.બોર્ડ, અમદાવાદ

૧૦ શબ્દલોકના યાત્રીઓ : ૧.- રમણલાલ જોશી , આર. આર.શેઠ , અમદાવાદ

## ગુજરાતી <u>પેપર-પ. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ</u>

<u>હેતુ : આ પ્રશ્નપત્રનાં અભ્યાસથી વિદ્યાર્થીઓને મધ્યકાલીન સાહિત્યનો પરિચય મળશે.</u>

<u>એકમ : ૧. ૧.</u> મધ્યકાલીન ગુજરાતી સાહિત્યને ઘડનારા પરિબળો

૨. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યની વિશેષતાઓ – મર્યાદાઓ.

૩. પ્રાગ –નરસિંહ યુગનું જૈન અને જૈનેતર સાહિત્ય

૪. મધ્યકાલીન લોકસાહિત્ય

૫. મધ્યકાલીન ગૌણ સ્ત્રી કવયિત્રીઓ

૬. ભવાઈ

એકમ -૨ સર્જક પરિચય-૧. નરસિંહ ૨. મીરાં ૩. ભાલણ ૪.અખો પ.પ્રેમાનંદ ૬. શામળ ૭. દયારામ

એકમ: ૩ સ્વરૂપ પરિચય , ૧. રાસ – રાસો ૨. ફાગુ ૩. પ્રબંધ ૪. આખ્યાન ૫. પદ્યવાર્તા ૬. ગરબી

એકમ :૪. મધ્યકાલીન વિશેષ સર્જકો

૧. પ્રીતમના પદો  ૨. ભોજાના ચાબખા  ૩. ધીરાની કાફીઓ

૪. વલ્લભના ગરબા  ૫. કબીરપંથી કવિઓ  ૬. સ્વામિનારાયણ સંપ્રદાયના કવિઓ

એકમ: ૫. મધ્યકાલીન ગુજરાતી કૃતિઓ

૧. ભરતેશ્વર બાહુબલિ રાસ  ૨. સ્થૂલીભદ્રરાસ  ૩. વસંતવિલાસ  ૪. કાન્હડદે પ્રબંધ

૫. અખેગીતા  ૬. નળાખ્યાન  ૭. મદન મોહના  ૮. રસિકવલ્લભ

સંદર્ભ : ૧. મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ – યુનિ. ગ્રંથ નિ.બોર્ડ

૨. ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ – સાહિત્ય પરિષદ

૩. ગુજરાતી સાહિત્ય : મધ્યકાલીન – અનંતરાય રાવળ

૪. નરસિંહ મહેતા એક અધ્યયન – કે. કા. શાસ્ત્રી

## Gujarati Foundation Elective – IDS

### એસ.વાય.બી.એ. ( EXTERNAL YEARLY )

### ( વર્ષ – ૨૦૨૧ -૨૨ , ૨૦૨૨ -૨૩ , ૨૦૨૩ -૨૪ )

### સાહિત્ય વિવેચનના સિદ્ધાંતો

### ( Principles of Literary Criticism )

હેતુ :– વિદ્યાર્થીઓ સાહિત્ય વિવેચનના સિદ્ધાંતોથી પરિચિત થાય.

એકમ : ૧  ( ૧ ) પૂર્વ – પશ્ચિમના વિદ્વાનોએ આપેલી કાવ્યની વિવિધ વ્યાખ્યાઓ.

( ૨ ) મમ્મટની કાવ્યની વ્યાખ્યા.

( ૩ ) કાવ્યના હેતુ

( ૪ ) ભરતના રસસૂત્રનો પ્રાથમિક પરિચય

એકમ – ૨  કલાની વિવિધ વ્યાખ્યાઓ , લલિત – લલિતેતર કળા વચ્ચેનો ભેદ

એકમ – ૩.  અનુકરણ વાદ, પ્લેટો , એરીસ્ટોટલનાં સંદર્ભે

રંગદર્શિતાવાદ, સૌષ્ઠવવાદ, વાસ્તવવાદ અને ભાવનાવાદની સાદી સમજ

એકમ : ૪.  સાહિત્યના વિવિધ સ્વરૂપો : આખ્યાન, ખંડકાવ્ય, સોનેટ, ટૂંકીવાર્તા, નવલકથા

એકમ : ૫.  ( ૧ ) વિવેચન એટલે શું ? વિવેચનનું કાર્યક્ષેત્ર.

( ૨ ) ઉત્તમ વિવેચનના ગુણ – લક્ષણો

**સંદર્ભગ્રંથ :**


૧. ઉપક્રમ - જયંત કોઠારી

૨. ભારતીય કાવ્ય સિદ્ધાંતો - જયંત કોઠારી

૩. ટૂંકી વાર્તા કથનરીતિ - શરીફા વીજળીવાળા

૪. નવલકથા - શિરિષ પંચાલ

૫. નવલકથાનું સ્વરૂપ - પ્રવીણ દરજી

૬. વિવિધ સાહિત્યકવાદો - યશંવત ત્રિવેદી

૭. સાહિત્ય વિવેચનના સિદ્ધાંતો - મૂળ લેખક – એબર કોમ્બી, – અનુ.- નગીનદાસ પારેખ

૮. સાહિત્ય વિવેક - મૂળ લેખક – વર્સ ફોલ્ડ – અનૂ. નગીનદાસ પારેખ

૯. પ્લેટો-એરિસ્ટોટલની કાવ્ય વિચારણા

૧૦. ટૂંકી વાર્તા - વિજય શાસ્ત્રી

| | |
|---|---|
| **Subject** | Fwd: ફોરેન લેંગ્વેજ સર્ટિફિકેટ કોર્સ શરૂ કરવા બાબત |
| **To:** | [null <academicvnsgu@gmail.com>, Prakash Bacharwala <prakashbacharwala@yahoo.co.in>] |
| **From** | VC, VNSGU <vc@vnsgu.ac.in> |
| **Date** | Mon, Sep 20, 2021 at 18:05 |

---------- Forwarded message ---------
From: **neelam kantharia** <neelambk@yahoo.co.in>
Date: Mon, Sep 20, 2021 at 6:03 PM
Subject: ફોરેન લેંગ્વેજ સર્ટિફિકેટ કોર્સ શરૂ કરવા બાબત
To: vc@vnsgu.ac.in <vc@vnsgu.ac.in>

નીલમ બાળવંતરાય કંથારિયા
ઘર નં.: ૧૨/૨૨૯૨
પ્રણામી મંદિર પાસે,
ડૉ. આંબેડકર બાગ પાસે,
સૈયદપુરા, સુરત-૩૯૫૦૦૩
મોબાઇલ: ૦૯૩૭૭૮૨૬૬૮૨
તારીખ : ૨૦મી સપ્ટેમ્બર, ૨૦૨૧

પ્રતિ,

કુલપતિશ્રી,
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી,
સુરત.

વિષય : ફોરેન લેંગ્વેજના સર્ટિફિકેટ કોર્સ શરૂ કરવા બાબત

માનનીય શ્રી,

સવિનય સાથે જણાવવાનું કે દક્ષિણ ગુજરાતના વિદ્યાર્થીઓ ઉચ્ચ અભ્યાસ માટે વિદેશ પણ જતાં હોય છે. સુરત શહેર વિશ્વ કક્ષાનું બિઝનેસ હબ છે. ત્યારે ફોરેન લેંગ્વેજ આવડવી હોય તે જરૂરી અને ઉપયોગી સાબિત થતી હોય છે. પરંતુ દક્ષિણ ગુજરાતની કોઈ કોલેજોમાં ફોરેન લેંગ્વેજ શીખવવામાં આવતી નથી. આથી વિદેશ અભ્યાસ અર્થે જનારા વિદ્યાર્થીઓ ખાનગી ટ્યુશન ક્લાસમાં ફોરેન લેંગ્વેજ શીખવા જતા હોય છે. જો આપની વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ અંતર્ગત ફોરેન લેંગ્વેજ માટેના સર્ટિફિકેટ કોર્સ શરૂ કરવામાં આવે તે ઇચ્છનીય બાબત રહેશે.

વિદ્યાર્થીઓ અને વ્યાપાર સાથે જોડાયેલા લોકોને વિદેશી ભાષા શીખવાની ઉત્તમ તક સાંપડશે અને તેનો તેઓ મહત્તમ લાભ પોતાની કારકિર્દીમાં લઇ શકશે. અંગ્રેજી આંતરરાષ્ટ્રીય ભાષા તો છે જ. સાથોસાથ વિદેશી ભાષા શીખવાનો લોકોમાં એક પ્રકારનો ટ્રેન્ડ જોવા મળી રહ્યો છે. નર્મદ યુનિવર્સિટી દ્વારા ફોરેન લેંગ્વેજ જેવી કે ફ્રેંચ, જર્મન, જાપાની, ચાઇના વગેરે માટે સર્ટિફિકેટ કોર્સ શરૂ કરવામાં આવે તેવી એક વિનંતી છે.

આપની વિશ્વસનીય,
નીલમ કંથારિયા.

Yahoo મેલ Andorid પર મોકલેલ

--

**Thanks & Regards,**

**Vice Chancellor Office,**
**Veer Narmad South Gujarat University,**
**Udhna-Magdalla Road,**
**Surat 395 007.**
**Gujarat, INDIA**
**Office : +91-261-2227942 Fax : +91-261-2223078**

M.Phil. / Ph.D. Course Work-Exam (2012-13)

| | | | Research Methodology | | | High Level Languages | | | Advanced RDBMS | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| Exam No. | Course | Name | Internal | External | Total | Internal | External | Total | Internal | External | Total |
| | | | 30 | 70 | 100 | 30 | 70 | 100 | 30 | 70 | 100 |
| 1 | Ph.D. | Desai Rahul J. | 12 | 18 | 30 | 15 | 15 | 30 | 12 | 0 | 12 |
| 2 | Ph.D. | Kanugo Sonal | 21 | 40 | 61 | 21 | 49 | 70 | 19 | 55 | 74 |
| 3 | Ph.D. | Patel Charmy | 18 | 47 | 65 | 20 | 46 | 66 | 18 | 34 | 52 |
| 4 | Ph.D. | Patel Hemangini S | 18 | 50 | 68 | 25 | 43 | 68 | 19 | 45 | 64 |
| 5 | Ph.D. | Patel Parul | 18 | 45 | 63 | 20 | 43 | 63 | 20 | 51 | 71 |
| 6 | M.Phil | Patel Priyanka D. | 18 | 33 | 51 | 19 | 36 | 55 | 18 | 34 | 52 |
| 7 | Ph.D. | Rana Prakash C | 21 | 45 | 66 | 22 | 40 | 62 | 25 | 47 | 72 |
| 8 | Ph.D. | Shah Tejas | 21 | 52 | 73 | 27 | 61 | 88 | 27 | 70 | 97 |